# Mare Maut Pahela Marvu Nathi Gujarati Song Lyrics - Shital Thakor, Pravin Ravat

માનવ તારી આ જીદજી શાને કરે છે તું બરબાદ…
જીવન એવું જીવી જાજે મનવા તને દુનિયા કરે સદા યાદ
તને દુનિયા કરે સદા યાદ

જીવન જીવવું સહેલું નથી મારે મોત પહેલા મરવું નથી
મરતા મરતા જીવવું પડે તેવું જીવન મારે જીવવું નથી
હે…હે..જીવન જીવવું સહેલું નથી મારે મોત પહેલા મરવું નહિ
મરતા મરતા જીવવું પડે તેવું જીવન મારે જીવવું નથી
હો..મરતા મરતા જીવવું પડે તેવું જીવન મારે જીવવું નથી

પ્રાણ રહે જ્યાં સુધી શરીરમાં કોઈથી મારે ડરવું નથી
સારું થાય તો ઠીક છે કોઈનું ખોટું મારે કરવું નથી
હે…હે..જીવન બનું હું કોકનું પણ લૂંટનારો બનવું નથી
માનવ થઈને જનમ્યો જગમાં દાનવ થઈને મરવું નથી

જીવન જીવવું સહેલું નથી મારે મોત પહેલા મરવું નહિ
મરતા મરતા જીવવું પડે તેવું જીવન મારે જીવવું નથી
મારે મરતા મરતા જીવવું પડે તેવું જીવન મારે જીવવું નથી

પાપ કરીને પુણ્ય કરાવે એવા કરમ મારે કરવા નથી
મોક્ષ મળેના ભલે આ જીવને અવગતિયે મારે જાવું નથી
હે…હે..માનવ કહે છે આ દુનિયાને વાત મારી કોઈ ખોટી નથી
સત કરમને હરિભજન વિના પ્રભુજી મળવા સહેલા નથી

હો.. જીવન જીવવું સહેલું નથી મારે મોત પહેલા મરવું નહિ
મરતા મરતા જીવવું પડે તેવું જીવન મારે જીવવું નથી
હે…હે..જીવન જીવવું સહેલું નથી મારે મોત પહેલા મરવું નથી
મરતા મરતા જીવવું પડે તેવું જીવન મારે જીવવું નથી
મરતા મરતા જીવવું પડે તેવું જીવન મારે જીવવું નથી
જીવન મારે જીવવું નથી જીવન મારે જીવવું નથી
હા..જીવન મારે જીવવું નથી હો..જીવન મારે જીવવું નથી….